ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/2161-64
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.28/03/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
અમદાવાદ, વડોદરા, રાજકોટ,
સુરત, ભાવનગર, જામનગર,
જૂનાગઢ અને ગાંધીનગર

વિષય:- રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ કરવા બાબત.
સંદર્ભ:- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:પરચ/132022/86/વ.2
તા.03/03/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રથી મળેલ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ભનક/102021/મુમક-01/ફ તા.18/02/2022 અન્વયે રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ કરવા જણાવેલ છે. ઉક્ત પત્રના અમલવારી અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપશો.

બિડાણ:ઉપર મુજબ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને.ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના (જાણ સારૂં):-
- સેક્શન અધિકારીશ્રી શિક્ષણ વિભાગ, વ.2 શાખા, સચિવાલય, ગાંધીનગર

વા.૨

૫૧૫૬૦

રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો
બહોળો ઉપયોગ કરવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ભનક/૧૦૨૦૨૧/મુમક-૦૧/ફ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ-૧૮ /૦૨/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સન-૧૯૬૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧લો.
(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-વહભ/૧૧૭૭/૩૨૩૧/ધ, તા. ૨૨/૬/૧૯૭૭.
(૩) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-વહભ/૧૦૭૮-૪૪૫૪-ધ-૧, તા. ૭/૧૧/૧૯૭૮.
(૪) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સચમ-૧૦૭૮/૪૩૫/ખ.૨, તા. ૨૨/૧/૧૯૭૯.
(૫) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ- વહભ/૧૦૮૬/૨૯૪/ધ-૧, તા. ૭/૭/૨૦૦૦.
(૬) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ- વહભ/૧૦૯૩/૯૨૬(૩)-ધ-૧,તા. ૨૨/૬/૨૦૦૦.
(૭) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ- વહભ/૧૦૯૯/૧૪૧૬/ધ-૧,તા. ૬/૧/૨૦૦૧.

પ્રસ્તાવનાઃ-

ગુજરાત રાજ્યની રચના થયા બાદ, રાજ્ય સરકારે પ્રથમ અધિનિયમ રાજભાષા અંગે પસાર કરીને રાજ્યની રાજભાષા ગુજરાતી અને દેવનાગરી લિપિમાં હિન્દી રાખવાનું જાહેર કરેલ છે. તે મુજબ તબક્કાવાર કાર્યક્રમ નક્કી કરીને ગુજરાતી ભાષાનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો રહે તે જોવામાં આવેલ છે. તદનુસાર તારીખ ૧લી મે, ૧૯૬૫થી સચિવાલયના સર્વે વિભાગો તેમજ જિલ્લા, તાલુકા કક્ષાએથી ગુજરાતી ભાષાનો જ ઉપયોગ થાય તેવી સૂચનાઓ આપવામાં આવેલ હતી તથા રાજભાષાના ઉપયોગમાં ઉત્તેજના અને વેગ લાવવા જરૂરી પગલા સૂચવવા શ્રી રામલાલ પરીખ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ ધ્વારા "લોકાભિમુખ વહીવટ માટેની વહીવટી સુધારણા સમિતિએ તેમના અહેવાલમાં રાજ્યનો સમગ્ર વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવો" તેવી ભલામણ કરવામાં આવેલ હતી.

રાજ્ય સરકારની ગુજરાતીકરણની નીતિના અનુસંધાને સરકારના તામામ વિભાગો, ખાતાઓ/ બોર્ડ/ નિગમો/ ખાનગી – સરકારી કંપનીઓ/ હોટેલ / સ્કૂલ/ મોલ્સમાં સાર્વજનિક અને જાહેર સ્થળોએ નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલ લખાણોમાં ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ગુજરાતી ભાષા એ ફક્ત એક ભાષા નથી એક બહોળો ગૌરવશાળી ઇતિહાસ અને સમૃધ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. ગુજરાતી ભાષાનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારમાં બહોળા પ્રમાણમાં



ડીપા.૨
૨૫/૦૨/૨૦૨૨

થાય છે પરંતુ વધતા જતા શહેરીકરણના કારણે શહેરોમાં પણ ગુજરાતી ભાષાનો બહોળો ઉપયોગ થાય તે માટે પ્રયત્ન કરવામાં આવે તેમ જરૂરી જણાય છે. જેથી, પ્રથમ તબક્કે ગુજરાત રાજ્યની ૮(આઠ) મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર જેવા શહેરોમાં નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

૧. ગુજરાત રાજ્યના સર્વે સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે.

૨. સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમાગૃહ, નાટ્યગૃહ, બેન્કવેટ હોલ, શાળા, કૉલેજ, સુપર માર્કેટ, શૉપિંગ મોલ્સ, હૉસ્પિટલ, વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હૉટેલ/ રેસ્ટોરન્ટ અને કેફે, બૅન્ક, વાંચનાલય, બગીચાઓ, ઇત્યાદિ જગ્યાઓ પર નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે.

ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) ના અમલીકરણ અંગેની તમામ જવાબદારી જે તે સરકારી કચેરીના ખાતાના વડાની રહેશે. જ્યારે ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૨)ના અમલીકરણ અંગે મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળોની કચેરીઓ, તે હસ્તકના મકાનો કે તેમના દ્વારા સંચાલિત બાગ- બગીચાઓ વિગેરેની કામગીરી સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારી (CEO) એ કરવાની રહેશે તેમજ ઉપર્યુક્ત મુદ્દા ક્રમાંક (૧) અને (૨)માં સૂચવ્યા મુજબની બાકી રહેતી અમલીકરણની કામગીરી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાંનાકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૧/૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃતિ નાયક)
સેક્શન અધિકારી
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી/ સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રી/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.

ગાંધીનગર.

- સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય સર્વે વિભાગો – તેમજ નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- કલેક્ટરશ્રી અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત/ ભાવનગર/ જામનગર/ જુનાગઢ/ ગાંધીનગર- નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રી.
- અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદ.
- વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ, વડોદરા.
- રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ.
- સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરત.
- ભાવનગર શહેરી વિકાસ સત્તા મંડળ, ભાવનગર.
- જામનગર શહેરી વિકાસ સત્તા મંડળ, જામનગર.
- જુનાગઢ શહેરી વિકાસ સત્તા મંડળ, જુનાગઢ.
- ગાંધીનગર, શહેરી વિકાસ સત્તા મંડળ, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ /ના.સે.અ. સીલેક્ટ ફાઇલ

Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/વશી.૮૧/૭૮૫૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૩૦/૦૩/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ તરફ...,
સુરત, જિ.સુરત

૨/- નકલ રવાના જાણ તથા અમલ સારું...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત